# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-12-2025** **Midday : 2.30 TO 2.35 PM**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

## <u>સમાચારનાં અંતે</u>

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

......................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# VALSAD RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ રાજ્યની મુલાકાતે છે.. તેમ ણે વલસાડના ધરમપુર સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર સેન્ટર ઓફ એક્સલન્સ ફોર વુમનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમના હસ્તે અંદાજે 2 લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં મહિલાઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ સંકુલને ખુલ્લું મૂકાયું હતું.

શ્રીમદ્ રાજચંદ્ર સેન્ટર ઓફ એક્સલન્સ ફોર વુમન ગ્રામીણ મહિલાઓ માટે ઉજ્જવળ ભવિષ્ય સાકાર કરવા મહત્વકાંક્ષી વિકાસ લક્ષ્યો સાથે વાર્ષિક હજારો ગ્રામીણ મહિલાઓને રોજગાર , તાલીમ અને સુખાકારી સંશાધનો પ્રદાન કરશે. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના પૂ. ગુરુદેવ શ્રી રાકેશજીના સાન્નિધ્યમા યોજાયેલા આ સમારોહમાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 12 9મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . .

# T.B MUKT BHARAT ABHIYAN

ગુજરાત સરકારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અમલમાં મૂકાયેલા નવીનતમ પગલાંઓના પરિણામે રાજ્યમાં ક્ષયરોગ એટ્લે કે ટીબી સંબંધિત મૃત્યુદરમાં સતત અને નોંધપાત્ર ઘટાડો નોંધાવ્યો છે.

વર્ષ 2015ની સરખામણીએ વર્ષ 2023માં રાજ્યમાં નવા ટીબી દર્દીઓના નોંધણી દરમાં 34 ટકા અને ટીબીથી થતા મૃત્યુદરમાં 37 ટકા સુધીનો ઘટાડો થયો છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ લોકભવન ખાતે બેઠક દરમિયાન જણાવ્યું હતું કે, ટી.બી. સામેની લડતને જનઆંદોલન બનાવવું અનિવાર્ય છે. સમાજના દરેક વર્ગની જાગૃત અને સક્રિય ભાગીદારી આ અભિયાનની સફળતાનો મુખ્ય આધારસ્તંભ છે. તેમણે વધુમાં જણાવ્યું કે , દરેક ટી.બી. દર્દી સુધી સમયસર યોગ્ય સારવાર અને પૂરતું પોષણ પહોંચે, તે માટે સતત પ્રયત્નો જરૂરી છે, જેથી ગુજરાત ટૂંક સમયમાં ટી.બી. મુક્ત રાજ્ય બનીને દેશ માટે એક પ્રેરક મોડેલ રજૂ કરી શકે.

રાજ્યના તમામ આરોગ્ય કેન્દ્રોમાં ટીબીની સારવાર સંપૂર્ણપણે નિઃશુલ્ક છે. ગુજરાત સરકારના સતત પ્રયાસો અને સુવ્યવસ્થિત પ્રોટોકોલના કારણે રાજ્યમાં ટીબીના કેસ અને મૃત્યુદરમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

. . . . . .

# MORBI HORSE SHOW

મોરબીનાં વાંકાનેર ખાતે માનવી અને અશ્વ વચ્ચેના અતૂટ વિશ્વાસના સંબંધની પ્રતિકૃતિ સમાન ત્રિદિવસીય કાઠિયાવાડી મારવાડી અશ્વ પ્રદર્શન - રમતોત્સવ 'કામા અશ્વ શો' યોજાયો છે..

પશુપાલન વિભાગ , પ્રવાસન વિભાગ તથા કાઠીયાવાડી હોર્સ બ્રિડર્સ એસોસિએશન ગુજરાતના સંયુક્ત ઉપક્રમે વાંકાનેરના રાજવી સ્વર્ગીય શ્રી ડૉક્ટર દિગ્વિજયસિંહ ઝાલાની સ્મૃતિમાં આયોજન કરવામાં આવ્યું છે. જેના પ્રથમ દિવસે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ઉપસ્થિત રહી સમગ્ર આયોજનની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

**(બાઇટ- આચાર્ય દેવવ્રત, રાજ્યપાલ)**

. . . . . . .

# SPIRIT OF GANDHINAGAR

શહેરી વિકાસ વર્ષ'ની વિશેષ ઉજવણીના ભાગરૂપે ગાંધીનગરને સૂફી સંગીત ઉપરાંત ભક્તિ સંગીતના અનોખા રંગથી રંગવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 'સ્પિરિટ ઓફ ગાંધીનગર' મહોત્સવનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે પહેલી વખત થયેલું આ આયોજન પ્રતિવર્ષ જાન્યુઆરી મહિનામાં પણ યોજવાનું આયોજન છે.

આ અંગે શહેરના મેયર મીરા બેન પટેલે જણાવ્યું હતું કે અમદાવાદના કાંકરિયા કાર્નિવલ જેવો અનોખો માહોલ બનાવવાનું આયોજન થશે.

**(બાઈટ -- મીરા બેન પટેલ, મેયર ગાંધીનગર)**

. . . . . . . .

# MAHESANA- SARPANCH

નવી દિલ્હી ખાતે ચાર દિવસ માટે વિશ્વ યુવા કેન્દ્ર આયોજીત સરપંચ શકિત નેતૃત્વ સશક્તિકરણ કાર્યક્રમમાં રાજ્યમાંથી મહેસાણાના વડનગર નજીક આવેલા કરશન પુરા ગ્રામ પંચાયતના મહિલા ગોમતીબેન ઠાકોરની પસંદગી કરાઈ છે. ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા કેન્દ્ર સ્તરે દેશ ભરમાંથી યુવા શકિત અને ઉત્સાહી 50 સરપંચોની પસંદગી કરવામાં આવી હતી.

. . . . . . . . .